# નરસિંહ લેખન ૨

# શરદપૂનમ તણો દિવસ આવ્યો

શરદપૂનમ તણો દિવસ આવ્યો તિંહા, રાસ-મરજાદનો વેણ વાહ્યો;
રૂકમણિ આદિ સહુ નાર ટોળે મળી, નરસૈંયે તહાં તાલ સાહ્યો. -શરદ. ૧

પુરુષ પુરુષાતન લીન થયું માહરું, સખીરૂપે થયો મધ્ય ગાવા;
દેહદશા સૌ ટલી માંહે રહ્યો ભળી, દૂતી થઈ માનિનીને મનાવા. -શરદ. ૨

હાવને ભાવ રસભેદના પ્રીછિયા, અનુભવતા રસબસ રે થાતાં;
પ્રેમે પીતાંબર આપિયું શ્રીહરિ, રીઝિયા કૃષ્ણજી તાલ વા'તાં. -શરદ. ૩

વ્રજ તણી આદ્યલીલાનું દરશણ હવું, અરુણ ઉદયે શંખનાદ કીધો;
રૂકમણિ આદિ સહુ નારી ત્રપત થઈ, રામાએ કંઠથી હાર દીધો. -શરદ. ૪

'ધન્ય ધન્ય તું' એમ કહે શ્રીહરિ, 'નરસૈંયો ભક્ત હું-તુલ્ય જાણો;
વ્રજ તણી નારી જે ભાવ-શુ ભોગવે, તેહને પ્રેમ-શુ સહેજે માણ્યો.' -શરદ. ૫

## અન્ય સંસ્કરણ

શરદપૂનમ તણો દિવસ તહાં આવિયો, રાસ-મર્યાદનો વેણ વાધ્યો;
રુકમઃઇ આદિ સહુ નાર ટોળે મળી, નરસૈંયે તહાં તાલ સાધ્યો.

પુરુષ-પુરુષાતન લીન થયું માકરું, સખીરૂપે થયો ગીત ગાવા;
દેહ દિશા સૌ ટળી, ગોપીમાં ગયો મળી, દૂતી થયો માનિનીને મનાવા.

હાવ ને ભાવ રસભેદના પ્રીછિયા, અનુભવતાં રસબસ રે થાતાં;
પ્રેમે પીતામ્બર આપિયું શ્રી હરિ, રીઝિયા કૃષ્ણજી તાલ વા'તા.

વ્રજ તણી આદ્ય લીલાનું દરશણ હવુ, અરુણ ઉદયે શંખનાદ કીધો;
રુકમણિ આદિ સહુ નારી ત્રપત થઈ, રામાએ કંઠથી હાર દીધો.

ધન્ય તું, ધન્ય તું એમ કહે શ્રીહરિ, 'નરસૈંયો ભક્ત હું-તુલ્ય જાણો;
વ્રજ તણી નારી જે ભાવ-શું ભોગવે, તેહને પ્રેમ-શું સહેજે માણ્યો.'

# જા જા નીંદરા ! હું તને વારૂં

જા જા નીંદરા ! હું તને વારૂં, તું છો નાર ધુતારી રે...

જા જા નીંદરા ! હું તને વારૂં...
નીંદરા કહે હું નહી રે ધુતારી, હું છું શંકર નારી રે,
પશુ પંખીને સુખડાં આપું, દુઃખડા મેલું વિસારી રે...
જા જા નીંદરા ! હું તને વારૂં...

એક સમે રામ વનમાં પધાર્યા, લખમણને નીંદરા આવી રે,
સતી સીતાને કલંક લગાવ્યું, ભાયુમાં ભ્રાંતું પડાવી રે...
જા જા નીંદરા ! હું તને વારૂં...

જોગી લુંટયા, ભોગી લુંટયા, લુંટયા નેજા ધારી રે,
એકલ શૃંગીને વનમાં લુંટયા, નગરના લુંટયા નરનારી રે...
જા જા નીંદરા ! હું તને વારૂં...

પહેલા પહોરે રોગી જાગે, બીજા પહોરે ભોગી રે,
ત્રીજા પહોરે તસ્કર જાગે, ચોથા પહોરી જોગી રે...
જા જા નીંદરા ! હું તને વારૂં...

બાર બાર વરસ લખમણે ત્યાગી, કુંભકરણે લાડ લડાવ્યાં રે,
ભલે મળ્યાં મેતા નરસૈંના સ્વામી, આશ પુરો મોરારી રે...
જા જા નીંદરા ! હું તને વારૂં...

# ઉમિયા-ઇશની મુજને

ઉમિયા-ઇશની મુજને કિરપા હવી, જોજો ભાઇઓ ! મારું ભાગ્ય મોટું;
કીડી હતો તે કુંજર થઈ ઊઠિયો, પૂરણ બ્રહ્મ - શું ધ્યાન ચોંટ્યું.

હાથ સાહ્યો મારો પારવતી-પતે, મુક્તિપુરી મને સદ્ય દેખાડી;
કનકની ભોમ, વિદ્રુમના થાંભલા, રત્નજડિત તાંહાં મોહોલ મેડી.

ધર્મસભામાં જહાં, ઉગ્રસેનજી તહાં, સંકરષણજી સંગ બેઠા;
તાંહાં વાસુદેવ ને દેવકીનંદન, રાજરાજેશ્વર કૃષ્ણ બેઠા.

અક્રૂર ઓધવ, વેદુર ને અરજુન, શીઘ્ર ઊભા થયા હરને જાણી;
સોળ સહસ્ર શત આઠ પટરાણીઓ, મધ્ય આવ્યા, શૂલપાણિ.

ધાઈને જઈ મળ્યા, આસનેથી ચળ્યા, કર જોડીને કૃષ્ણે સન્માન દીધું;
બેસો સિંહાસને, જોગીપતિ ! આસને, આજ કારજ મારું સકળ કીધું.

'ભક્ત-આધીન તમો છો સદા ત્રિકમા', પ્રસન્ન થઈને શિવ બોલ્યા વાણી;
'ભક્ત અમારો ભૂતલલોકથી આવિયો, કરો તેને કૃપા દીન જાણી'.

ભક્ત ઉપર હવે દૃષ્ટિ-કિરપા કરો, નરસૈંયાને નિજ દાસ થાપો;
તે જ વેળા શ્રીહરિએ મુજને કરુણા કરી, હસ્તકમલ મારે શીશ ચાંપ્યો.

# કાનુડાને સાદ કરી

[ગોપી]
જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે,
આવડી ધૂમ મચાવે વ્રજમાં, કોઈ નહીં પૂછનાર રે.... જશોદા

છીંકું તોડ્યું, ગોરસ ઢોળ્યું, ઉઘાડીને દ્વાર રે,
માખણ ખાધું, ઢોળી નાખ્યું, જાણ કીધું આ વાર રે..... જશોદા

ખાં ખાં ખોળા કરતો હીડે, બીહે નહીં લગાર રે,
મહી મથવાની ગોળી ફોડી, આ શાં કહીએ લાડ રે..... જશોદા

વારે, વારે કહું છું તમને, હવે ન રાખું ભાર રે,
નિત્ય ઊઠીને અમે ક્યમ સહિયે, વસી નગર મોઝાર રે.... જશોદા

[જશોદાજી]
આડી અવળી વાત તમારી હું નહીં સાંભળનાર રે,
ડાહ્યો ડમરો લાડકો મારો, કદી ન એમ કરનાર રે... આડી....

મારો કાનજી ઘરમાં રમતો, ક્યારે દીઠો ન બહાર રે,
દૂધ, દહીંના માટ ભર્યા છે, બીજે ન ચાખે લગાર રે.... આડી....

શાને કાજે મળીને આવી, ટોળે વળી દશબાર રે,
નરસૈયાનો સ્વામી સાચો, જૂઠી વ્રજની નાર રે..... આડી....

# હારને કાજે નવ મારીએ

હે જી વ્હાલા ! હારને કાજે નવ મારીએ,
હઠીલા હરજી અમને,
માર્યા રે પછી રે મારા નાથજી, બહુ દોષ ચડશે તમને...
એવા હારને કાજે નવ મારીએ...

હે જી વ્હાલા ! અરધી રજની વીતી ગઈ, હાર તમે લાવોને વ્હેલા,
માંડલિક રાજા અમને મારશે, દિવસ ઊગતાં પહેલાં...
એવા હારને કાજે નવ મારીએ...

હે જી વ્હાલા ! નથી રે જોતો હીરાનો હારલો, વેગે તમે ફૂલડાંનો લાવો,
દયા રે કરીને દામોદરા, દાસને બંધનથી છોડાવો...
એવા હારને કાજે નવ મારીએ...

હે જી વ્હાલા ! કાં તો રે માંડલિકે તું ને લલચાવિયો, કાં તો ચડિયલ રોષો,
કાં તો રે રાધાજીએ તું ને ભોળવ્યો, કાં તો મારા કરમનો રે દોષો...
એવા હારને કાજે નવ મારીએ...

હે જી વ્હાલા ! દાસ રે પોતાનો દુઃખી જોઈને, ગરૂડે ચડજો ગિરધારી,
હાર રે હાથોહાથ આપજો રે, મ્હેતા નરસૈંના સ્વામી...
એવા હારને કાજે નવ મારીએ...

# આજ રે શામળિયે વહાલે

આજ રે શામળિયે વહાલે અમશું અંતર કીધો રે-;
રાધિકાનો હાર હરિએ રુક્મિણીને દીધો રે.
આજ રે શામળિયે વહાલે....

શેરીએ શેરીએ સાદ પડાવું, ઘેર ઘેર હીંડું જોતી રે;
રાણી રુક્મિણીની કોટે મેં તો ઓળખ્યાં મારાં મોતી રે.
આજ રે શામળિયે વહાલે...

જાગતી તો લેવા ના દેતી, કર્મસંજોગે સૂતી રે-;
વેરણ નિદ્રા મુને આવી, 'હરિ હરિ' કરીને ઊઠી રે.
આજ રે શામળિયે વહાલે...

ધમાણ મંગાવું ને ગોળો ધિકાવું, સાચા સમ ખવરાવું રે;
આજ તો મારા હર કાજે નારદને તેડાવું રે.
આજ રે શામળિયે વહાલે...

રાધાજી અતિ રોષે ભરાણાં, નેણે નીર ન માય રે;
આપો રે, હરિ ! હાર અમારો, નહિતર જીવડો જાય રે.
આજ રે શામળિયે વહાલે...

થાળ ભરી શગ મોતી મંગાવ્યાં, અણવીંધ્યાં પરોવ્યાં રે;
ભલે રે મળ્યો નરસૈંયાનો સ્વામી, રૂઠ્યાં રાધાજી મનાવ્યાં રે.

# શેરી વળાવી સજ્જ કરું

આ.... શેરી વળાવી સજ્જ કરું, ઘરે આવો ને !
આંગણિયે પથરાવું ફૂલ, વાલમ ઘરે આવો ને.

આ.... ઉતારા દેશું, ઓરડા ઘરે આવો ને;
દેશું દેશું મેડીના મોલ, મારે ઘરે આવો ને... શેરી..

આ.... દાતણ દેશું દાડમી ઘરે આવો ને
દેશું કણેરી કાંબ, મારે ઘરે આવો ને... શેરી..

આ.... નાવણ દેશું કુંડિયું ઘરે આવો ને,
દેશું દેશું જમનાજીના નીર મારે ઘરે આવો ને... શેરી..

આ.... ભોજન દેશું લાપશી ઘરે આવો ને !
દેશું દેશું સાકરિયો કંસાર, મારે ઘરે આવો ને... શેરી..

આ.... રમતદેશું સોગઠી ઘરે આવોને-,
દેશું દેશું પાસાની જોડ, મારે ઘરે આવો ને... શેરી..

આ.... પોઢણ દેશું ઢાલિયા, ઘરે આવોને,
દેશું દેશું હિંડોળા ખાટ, મારે ઘરે આવો ને... શેરી..

આ.... મહેતા નરસૈયાના સ્વામી શામળિયા,
હાં રે અમને તેડી રમાડ્યા રાસ, મારે ઘેર આવો ને... શેરી..

# કાનજી તારી મા કહેશે પણ અમે

કાનજી તારી મા કહેશે પણ અમે કાનુડો કહેશું રે...
એટલું કહેતા નહી માને તો ગોકુળ મેલી દેશું રે... કાનજી તારી મા....

માખણ ખાતાં નહોતું આવડતું મુખ હતું તારૂં એંઠુ રે...
ગોપીઓએ તારું ઘર કેરાણુ જઈ ખુણામાં પેઠું રે... કાનજી તારી મા....

ઝુલણી પહેરતાં નહોતું આવડતું અમે તે દી' પહેરાવતાં રે...
ભરવાડોની ગાળ્યું ખાતો અમે તે દિ' છોડાવતાં રે... કાનજી તારી મા....

કાલો ઘેલો તારા માત-પિતાનો અમને શેના કોડ રે...
કરમ સંજોગે આવી ભરાણા આંગણાં જોડાજોડ રે... કાનજી તારી મા....

ધૂટણીયા ભેર હાલતો ચાલતો બોલતો કાલું ઘેલું રે...
ભલે મળ્યા મહેતા **નરસિંહ**ના સ્વામી પ્રેમ ભક્તિમાં રેલું રે...
કાનજી તારી મા કહેશે પણ અમે કાનુડો કહેશું રે...

# મોરના પીંછડાંવાળો રે

મોરના પીંછડાંવાળો રે કાનુડો ઓલ્યો
મોરના પીંછડાંવાળો
મોરના પીંછડાંવાળો રે કાનુડો ઓલ્યો
મોરના પીંછડાંવાળો

મુગટ છે એનો રે રૂપાળો કાનુડો ઓલ્યો
મોરના પીંછડાંવાળો
મોરના પીંછડાંવાળો રે કાનુડો ઓલ્યો
મોરના પીંછડાંવાળો

માથે મુગટ એણે પહેર્યું પીતાંબર
ગુંજાનો હાર રઢિયાળો રે કાનુડો ઓલ્યો
મોરના પીંછડાંવાળો
મોરના પીંછડાંવાળો રે કાનુડો ઓલ્યો
મોરના પીંછડાંવાળો

ખંભે છે કામળી ને હાથમાં છે લાકડી
મીઠી મીઠી મોરલીવાળો રે કાનુડો ઓલ્યો
મોરના પીંછડાંવાળો
મોરના પીંછડાંવાળો રે કાનુડો ઓલ્યો
મોરના પીંછડાંવાળો

નરસૈયાંના નાથને નજરે નિહાળતાં
આવે છે ઉરમાં ઉછાળો રે કાનુડો ઓલ્યો
મોરના પીંછડાંવાળો
મોરના પીંછડાંવાળો રે કાનુડો ઓલ્યો
મોરના પીંછડાંવાળો

# ગોરી તારાં નેપુર

ગોરી તારાં નેપુર રણઝણ વાજણાં રે,
વાજ્યાં કાંઈ માઝમ રાત મોજાર;
સૂતું નગર બધું જગાડિયું
તે તો તાહરાં ઝાંઝરનો ઝમકાર.

સેજલડી ઢંઢોળી હું પાછી ફરી રે,
પિયુડો તે પોઢ્યો પાડોશણ પાસ;
એક ને અનેક વહાલો મારો ભોગવે રે,
અમને નહિ અમારાની આશ !

કૂવો હોયે તો ઢાંકીને મૂકીએ રે,
સૈયર ઢાંક્યો ક્યમ જાય ?
મનનો માન્યો હોય તો કાઢી મૂકીએ રે,
પરણ્યો કાઢી ક્યમ મૂકાય ?

મારે આંગણે આંબો મહોરિયો રે,
ગળવા લાગી છે કાંઈ સાખ;
ઊઠો ને આરોગો, પ્રભુજી પાતળા રે !
હું રે વેજું ને તું રે ચાખ.

મારે આંગણે દ્રાક્ષ, બિજોરડી રે,
બિચ બિચ રોપી છે નાગરવેલ;
નરસૈંયાનો સ્વામી મંદિર પધારિયો રે,
હૈયું થયું છે કોમળ ગેહેલ.

# વહાલા મારા વૃંદાવનને ચોક

વહાલા મારા ! વૃંદાવનને ચોક કે વહેલા પધારજો રે લોલ;
ગોકુળ ગામ તણી વ્રજનાર કે વેગે બોલાવજો રે લોલ.

અમને રાસ રમ્યાના કોડ કે નાથ-સંગ બેલડી રે લોલ;
લેવા મુખડાના મકરંદ કે મળી તેવતવડી રે લોલ.

રૂડું જમનાજી કેરું નીર કે તટ રળિયામણો રે લોલ;
રૂડો બંસીવટનો ચોક કે ચંદ્ર સોહામણો રે લોલ.

મળિયો વ્રજવનિતાનો સાથ કે તાળી હાથ શું રે લોલ;
માનિની મદમત્ત ભીડે બાથ કે કોમળ ગાત શું રે લોલ.

ફરતી ગાન કરે વ્રજનાર કે વચમાં શ્રીહરિ રે લોલ;
કંકણ-ઝાંઝરનો ઝમકરા કે ઘમકે ઘૂઘરી રે લોલ.

જોવા મળિયા ચૌદે લોક કે ઈન્દ્ર ત્યહાં આવિયા રે લોલ;
રૂડાં પારિજાતકના પુષ્પે કે પ્રભુને વધાવિયાં રે લોલ;

બ્રહ્મા રુદ્ર ધરે એનું ધ્યાન કે પાર પામે નહીં રે લોલ;
નાચે નરસૈંયો રસમગ્ન કે જોઈ લીલા નાથની રે લોલ.

# આવ્યો માસ વસંત વધામણાં

આવ્યો માસ વસંત વધામણાં, છબીલાજીને કરીએ છાંટણા;

વન કેસર ફૂલ્યો અતિ ઘણો, તહાં કોકિલા શબ્દ સોહામણાં;
રૂડી અરતના લઇએ ભામણા, આવ્યો માસ વસંત વધામણાં …. ૧

તું તો વહેલી થા ને આજ રે, તારાં સરસે સારાં કાજ રે;
તું તો મુક હૈયાની દાઝ રે, આવ્યો માસ વસંત વધામણાં ……… ૨

તું તો નવરંગ ચોળી પહેર રે, પછી આજ થાશે તારો લ્હેર રે;
રૂડા હરજી આવ્યા તારે ઘેર રે, આવ્યો માસ વસંત વધામણાં …. ૩

તું તો સજ શણગાર સાહેલડી, લેને અબિલ ગુલાલ ખોલા ભરી;
પછી ઓ આવે હસતાં હરિ, આવ્યો માસ વસંત વધામણાં …….. ૪

રૂડી અરતના અંગો અંગ છે, તહાં રમવાનો રૂડો રંગ છે;
તહાં છબીલાજીનો સંગ છે, આવ્યો માસ વસંત વધામણાં ……… ૫

તહાં આનંદ સરખો થાય છે, તહાં મોહન મોરલી વાયે છે;
તહાં નરસૈંયો ગુણ ગાય છે, આવ્યો માસ વસંત વધામણાં …….. ૬

# હે કાનુડા તોરી ગોવાલણ

હેં કાનુડા તોરી રે ગોવાલણ, મોરલીએ લલચાણી રે,
હેં કાનુડા તોરી ગોવાલણ...

હરખેં મેં તો ઈંઢોણી લીધી, ભરવા હાલી હું તો પાણી રે;
ગાગર ભરોંસે ગોળી લીધી, આરાની હું અજાણી રે...

હેં કાનુડા તોરી ગોવાલણ...

ગાય ભરોંસે ગોધાને બાંધ્યો, દોહ્યાંની હું અજાણી રે;
,વાછરું ભરોંસે છોકરાંને બાંધ્યા, બાંધ્યા છે બહુ તાણી રે...
હેં કાનુડા તોરી ગોવાલણ...

રવાઈ ભરોંસે ઘોસરું લીધું, વલોવ્યાની હું અજાણી રે,;
નેતરાં ભરોંસે સાડી લીધી, દૂધમાં રેડયાં પાણી રે...
હેં કાનુડા તોરી ગોવાલણ...

ઘેલી ઘેલી મને સૌ કોઈ કહે છે, ઘેલી હું રંગમાં રે'લી રે;
ભલે મળ્યા મેતા નરસિંહના સ્વામી, પૂરણ પ્રીત હું પામી રે
હેં કાનુડા તોરી ગોવાલણ...

# ઊંચી મેડી તે મારા સંતની રે

ઊંચી મેડી તે મારા સંતની રે, મેં તો મા’લી ન જાણી રામ.. હો રામ..
ઊંચી મેડી તે મારા સંતની રે, મેં તો મા’લી ન જાણી રામ..

અમને તે તેડાં શીદ મોકલ્યાં, કે મારો પીંડ છે કાચો રામ,
મોંઘા મૂલની મારી ચુંદડી, મેં તો મા’લી ન જાણી રામ.. હો રામ..
ઊંચી મેડી તે મારા સંતની રે….

અડધાં પેહર્યાં અડધાં પાથર્યાં, અડધાં ઉપર ઓઢાડ્યાં રામ
ચારે છેડે ચારે જણાં, તોયે ડગમગ થાયે રામ.. હો રામ..
ઊંચી મેડી તે મારા સંતની રે….

નથી તરાપો, નથી તુંબરા, નથી ઉતર્યાનો આરો રામ
**નરસિંહ મહેતા**ના સ્વામી શામળા, પ્રભુ પાર ઉતારો રામ.. હો રામ..
ઊંચી મેડી તે મારા સંતની રે….

# ન જાણ્યું જાનકીનાથે

[બાળશંકર કંથારિયા]

થવાનું ન થવાનું કહે નજૂમી કોણ એવો છે
ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનુ છે

હતો લંકેશ બહુબળિયો થયો બેહાલ ના જાણ્યું
જગત સૌ દાખલા આપે સવારે શું થવાનું છે

જુઓ પાંડવ અને કૌરવ બહુબળિયા ગણાયા છે
ન જાણ્યું ભીષ્મ જેવાએ સવારે શું થવાનું છે

થઈ રાજા રમ્યા જૂગટું ગુમાવ્યું પત્ની સૌ સાથે
ન જાણ્યું ધર્મ રાજાએ સવારે શું થવાનું છે

અરે થઈ નારી શલ્યા તે કહો શું વાત છાની છે
જણાયું તે ન ગૌતમથી સવારે શું થવાનું છે

સ્વરૂપે મોહિની દેખી સહુ જન દોડતાં ભાસે
ભૂલ્યા યોગી થઈ ભોળા સવારે શું થવાનું છે

હજારો હાય નાખે છે હજારો મોજમાં મશગૂલ
હજારો શોચમાં છે કે અમારું શું થવાનું છે

થવાનું તે થવા દેજે બાલ મનમસ્ત થઈ રહેજે
ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનુ છે

# કેમ પૂજા કરૂં?

(તારી)પૂજા કેમ કરૂં કૃષ્ણ કરુણાનિધિ? અકળ આનંદ તો કહ્યો ના જાયે;
સ્થાવર-જંગમ વિશ્વ વ્યાપી રહ્યો, તે કેશવ કંડિયે કેમ સમાયે?...તારી
બાર મેઘે કરી સ્નાન શ્રીપતિ કર્યાં, શંખની ધારે તે કેમ રીઝે?
ઉનપચાસ વાયુ તુંને વ્યંજન કરે, ચમર ઢાળું તે કેમ ગમીજે? ...તારી
સૂરજ રૂપે કરી તેજ ત્રિભુવન તપ્યાં, ચંદ્ર રૂપે કરી અમૃત ઠાર્યાં;
મેઘ રૂપે કરી વરસ્યાં રે, વિઠ્ઠલા! વાયુ રૂપે કરીને વધાર્યાં....તારી
અઢાર ભાર વનસ્પતિ અહર્નિશ પીમળે, માળી તે પાતરી શી રે લાવે?
ચૂઆ- ચંદને કરી પ્રભુ તુને પુજીએ, અંગની બહેકની તુલ્ય ના'વે ...તારી
તારે નિત નવનવા નૈવેદ કમળા કરે, સૂક્ષ્મ નૈવેદ કેમ તુલ્ય આવે?
ભણે નરસૈંયો જેણે કૃષ્ણરસ ચાખીયો (તે) પુનરપિ માતને ગર્ભ ના'વે. ...તારી

# હરિરસ ગાવા ને જે મળે ખાવા

હરિરસ ગાવા ને જે મળે ખાવા, હરિની ઈચ્છાનો સંતોષ લાવી,
કરમચા ભોગ તે ભોગવ્ય છૂટકો, નીપજે સર્વથા હોય ભાવી. - હરિરસ. ૧.

ઘેર દારા એક સુંદરી સાધવી, હરિ-જશ તેહને અધિક વહાલા,
નહીં કોઈ વેધ-વિચાર મનમાં ધરે, ન લહે, પરપંચ અસ્ત્રીના ચાલા - હરિરસ. ૨.

એક છે પુત્રને એક પુત્રી થઈ, જેનું મામેરૃં કરશે લક્ષ્મીનાથ,
સુત તણુ નામ તે દાસ શામળ ધર્યું, વુહવામાં કૃષ્ણજી રહેશે સાથે. - હરિરસ. ૩.

દ્વાદશ વરસ થયા છે કુંવરને, કામિની આવી ઊભી કંથ પાસે,
'આપણું ઘર તે આદ્ય મોટુ સદા, નિર્ધન વિહવા કેમ થાશે ?' - હરિરસ. ૪.

'દુઃખ મ ધર ભામિની ! વાત સુણ કામિની, પૂરશે મનોરથ કૃષ્ણકામી
ધ્યાન ધર કૃષ્ણનુ, રાખ મન પ્રસન્ન તું સહાય થાશે નરસૈયાનો સ્વામી.' - હરિરસ. ૫.

# શૂન્યહૃદય મુગ્ધા

સુખદ આ વસન્તમાં  ભૂલી ભાન, વિવશ તું કાં બની ? સજનિ !
વીખરી તુજ વાળ રહ્યા ઠરી ભાલ, વિવશ તું કાં બની ? સજનિ !

લ્હેર'તી જ્યોત્સના આકાશે, ચંદા સ્મિત નિજ તેથી પ્રકાશે;
ઢાળતી મલ્લિકા ચોપાસે ઢગલિયો સુગન્ધની સજનિ ! સુખદ૦

જો શું બપિયા બોલ ઉચારે, પિઉ પિઉ કરી શા મધુર પુકારે;
કૂહુ કૂહુ સહુ કુંજાગારે વાણી કોકિલા તણી, સજનિ ! સુખદ૦

હસે ચંદ જો મધુરે હાસે, આ મુખચંદ મલિન કાં ભાસે?
કરે ગાન પંખી ઉલ્લસે અબોલા તું કાં ઘણી, સજનિ ! સુખદ૦

ચાલ્ય, કુંજ વીણી માલતિ ખીલી, માળા ગૂંથિયે, ઊઠ્ય, હઠીલી !
ગીતડાં ગાઇ ગાઇ, રસીલી ! સુખે ગાળિયે રજની, સજનિ ! સુખદ૦

# ખળખળતું પાણી

ખળખળતું પાણી તે અગનથી આકરું, ચોકમાં લાવીને મેલ્યુમ આણી,
પોતાના જાણ તેને ગણ્યા પારકા, અન્ય જાણી તીની ત્રીઠ તાણી – ખળખળતું૧ .
માગ્યા મહેતે જઈ , વહેવાઈને કહી, ઉષ્ણમાં ભેળવા ટાઢું પાણી,
‘ગીત ગાશો તંહી મેહૂલો વરસશે, આફણીયે થાશે જળ સમાણી .– ખળખળતુંર .
કીધો મલ્હાર તે સાંભળ્યો શામળે, થયો ઘનઘોર ને ધનુષ્ય તાણ્યું,
વાય છે વાવડો વીજ ચમકા કરે, ગાજિયો ગગન તે જગતે જાણ્યુંકખળખળતું - .
ચાતુર્માસ નથી, નથી રતમાવઠું-, કારમો ઉમગ્યો ખડક કાઢી,
અવની ઉપર થઈ નીર ચાલ્યું વહી, જાણીએ મેહ વૂઠ્યો અષાઢી – ખળખળતું૪ .
ધાઈ વહેવાઈ આવ્યા મહેતાજી કને , ‘ધનો મહેતા ! ધન્ય ભક્તિ સાચી,
પહેરામણી પણ નરસૈ કરશે ભલી, મૂરખ આપણી બુદ્ધિ કાચી.’ – ખળખળતુંપ .

# વારી જાઉં રે સુંદર શ્યામ! તમારા લટકાને

વારી જાઉં રે સુંદર શ્યામ તમારા લટકાને.

લટકે ગોકુળ ગૌ ચારીને, લટકે વાયો વંસ રે,
લટકે જઈ દાવાનળ પીધો, લટકે માર્યો કંસ રે ... વારી જાઉં.

લટકે જઈ ગોવર્ધન ધરિયો, લટકે પલવટ વાળી રે,
લટકે જઈ જમુનામાં પેસી, લટકે નાથ્યો કાળી રે ... વારી જાઉં.

લટકે વામન રૂપ ધરીને, આવ્યા બલિને દ્વાર રે,
ઉઠ કદંબ અવની માગી, બલિ ચાંપ્યો પાતાળે રે ... વારી જાઉં.

લટકે રઘુપતિ રૂપ ધરીને, તાતની આજ્ઞા પાળી રે,
લટકે રાવણ રણ મારીને, લટકે સીતા વાળી રે ... વારી જાઉં.

એવા લટકા છે ઘણેરા, લટકા લાખ કરોડ રે,
લટકે મળે નરસૈંના સ્વામી, હીંડે મોડામોડ રે ... વારી જાઉં.

# રાય રણછોડને નમું કર જોડીને

રાય રણછોડને નમું કર જોડીને, સારા કરો શ્રી હરિ! ચરણે આવ્યો,
તન-મન-પ્રાણને સમર્પ્યાં ધર થકી, શરણ આવે તેનો હાથ શાવો. - રાય. ૧

નાગરી નાતે તો કીધી છે ઠેકડી, તીરથવાસીએ જાણ્યું સાચું,
નરસૈંયો ભક્ત તે કોટિધ્વજ જાણિયો, તમ વિના કૃષ્ણજી ! કેને જાચું ? - રાય. ૨

જો નકારશો તમો દાસની હુંડી તો લોકમાંહે ઉપહાસ થાશે,
મારું તો એહમાં કામી નહીં વણસશે,પણ તાહરા ભક્તની લાજ જાશે. - રાય. ૩

ન-કાળજો વણજ મેં કીધો છે વિઠ્ઠલા! રાખજો લાજ તો શરમ રહેશે,
જો હૂંડી પાછી ફરી આવશે, તો ભક્તવત્સલ તને કોણ કહેશે ? - રાય. ૪

આધીન દાસ છું, શામળા ! શ્રી હરિ ! દીનબંદુ દીનાનાથ કહાવો,
નામ -પ્રતાપથી અધમ જન ઉદ્ધર્યાં, તે માટે દાસ કરે છે દાવો. - રાય. ૫

# રાધિકા સુંદરી !

રાધિકા સુંદરી ! સકલ શિરોમણી, વેઢલા વલ્લહી માન માગું -,
ક્ષણુએક નાથને બાથ અળગી કરો, મેલ મમ નાથને પાય લાગું(૧) .રાધિકા - .

અજિત તેં જિતિયો, અબંધ તે બાંધિયો નેહભર શામ શુ-કેલિ કરતા,
તા હરું ચલણ દીસે ઘણુંધર વિષે, સમુદ્રતનયા હિંડે અંક ભરતા (૨) .રાધિકા -

પુરુષને પુરુષનો સ્નેહ શું કામનો ? નારીને પુરુષનો સંગ રૂડો,
જેની માયા વિષે વિશ્વ બૂડી રહ્યું, તેહ હરિ રાધિકા સંગ બૂડ્યો (૩) .રાધિકા -

છેલ ચંચળ ! અહંકાર નવ કિજિયે, જાય અહંકાર ત્ જોત જોતાં,
ભણે નરસૈયો : 'મેલ મમ નાથને, નીકળશે કાદવ કોઠી ધોતા' - રાધિકા(૪) .

# નાથને નીરખી

આજ મારાં નયણાં સફળ થયાં નાથને નીરખી,
સુંદર વદન નિહાળીને મારા હૈયામાં હરખી.

જે રે મારા મનમાં હતું તે વહાલાએ કીધું;
પ્રીતે-શું પ્રભુજી પધારિયા, આવી આલિંગન દીધું.

વહાલો મારો વિહારીલો, તેહને જાવા ન દીજે;
હાથ થકી નવ મૂકીએ, અંતરગત લીજે.

કાલિંદ્રીને કાંઠડે, હરિ નાચે ને ગાયે,
સ્વર પૂરે સરવ સુંદરી, અતિ આનંદ થાયે.

ધન્ય જમુનાના તટને, ધન્ય વ્રજનો રે વાસ;
ધન્યભાગ્ય આ ભૂમિનાં, વહાલો રમ્યા છે રાસ.

અમરલોક અંતરિક્ષથી શોભા જોવાને આવે;
પુષ્પવૃષ્ટિ તાંહાં થઈ રહી, **નરસૈંયો** વધાવે.

# મહીડું મથવાને ઊઠ્યા જશોદારાણી

મહીડું મથવાને ઊઠ્યા જશોદારાણી;
વિસામો દેવાને ઊઠ્યા સારંગપાણી. – મહીડું. ૧
માતા રે જશોદા તારું મહીડું વલોવું;
બીશો માં માતાજી ! ગોળી નહીં ફોડું. – મહીડું.૨
ધ્રૂજયો મેરુ રે એને ધ્રાસકો લાગ્યો;
રવૈયો કરશે તો નિશ્ચે હું ભાગ્યો. – મહીડું. ૩
વાસુકિ ભણે; 'મારી શી પેર થાશે ?
મારું નેતરું કરશે તો જીવડો જાશે.' – મહીડું. ૪
રત્નાકર કહે; 'મુજ રતન નથી,
ઠાલો વલોવશે મુને ગોકુળપતિ.' – મહીડું. ૫
બ્રહ્મા ઇંદ્રાદિક વળતાં લાગ્યા રે પાય;
'નેતરૂ મૂકો તમે ગોકુળા રાય !' – મહીડું. ૬
જશોદાજી કહે; 'હું તો નવનિધ પામી,
ભક્તવત્સલ મળ્યો નરસિયાનો સ્વામી.' – મહીડું. ૭

# અખંડ રોજી હરિના હાથમાં

હે જી વ્હાલા અખંડ રોજી હરિના હાથમાં, વાલો મારો જુવે છે વિચારી ;
દેવા રે વાળો નથી દૂબળો, ભગવાન નથી રે ભીખારી...
હે જી વ્હાલા...

જળ ને સ્થળ તો અગમ છે, અને આ કાયા છે વિનાશી ;
સરવને વાલો મારો આપશે, હે જી તમે રાખો ને વિશ્વાસી...
હે જી વ્હાલા...

નવ નવ મહિના ઉદર વસ્યાં, તે દિ વાલે જળથી જીવાડયાં ;
ઉદર વસ્યાંને હરિ આપતો, આપતો સૂતાં ને જગાડી...
હે જી વ્હાલા...

ગરૂડે ચડીને ગોવિંદ આવજો, આવજો અંતરજામી ;
ભક્તોના સંકટ તમે કાપજો મહેતા નરસૈંના સ્વામી...
હે જી વ્હાલા...

# ચાલ રમીયે સહી, મેલ મથવું મહિ

ચાલ રમીયે સહી, મેલ મથવું મહિ વસંત આવ્યો વન વેલ ફૂલી,
મૂલીયા અંબ કોકિલા-લ વે કદમ્બ, કુસુમ-કુસુમ રહ્યા ભ્રમર ઝુલી.
ચાલ રમીયે સહી, મેલ મથવું મહિ...

પહેર શણગાર ને હાર ગજગામિની, ક્યારની કહું છું જે ચાલી ઊઠી,
રસિક મુખ ચુંબિએ, વળગિયે ઝુંબીએ, આજ તો લાજની દૃહાઇ છુટી.
ચાલ રમીયે સહી, મેલ મથવું મહિ...

હેતે હરિ વશ કરી લાહવો લે ઉર ધરિ, કરગ્રહિ કૃષ્ણજી પ્રિતે મળશે,
નરસૈયો રંગમા અંગ ઉન્મત થયો, ખોયેલા દિવસોનો ખંગ વળશે.
ચાલ રમીયે સહી, મેલ મથવું મહિ...

# ઉધડકી ઊઠિયા વેગે વિઠ્ઠલ હરિ

ઉધડકી ઊઠિયા વેગે વિઠ્ઠલ હરિ, 'ગરૂડ ક્યાં ગરૂડ ક્યાં?' વદત વાણી,
'ચાલ, ચતુરા ! ચતુર્ભુજ ભણે, ભામિની ! નેષ્ટ નાગરે મારી ગત ન જાણી - ઉધડકી. ૧

ચીર -છાયલ ઘણા, વસ્ત્ર વિધવિધ તણા, એક પેં એક અધિક જાણો,
સ્વપ્ને જે નવ ચડે નામ જેનું નવ જડે, અંગ આળસ તજીને રે આણો. - ઉધડકી. ૨

હેમ હાથ - સાંકળા, નંગ બહુ નિર્મળા, સુભગ શણગાર અંગ સોહે સારો.
રીત એ ભાતમાં રોકડ રખે વિસરો, દીન થઈ કરગરે દાસ મારો. - ઉધડકી. ૩

ઈન્દ્ર બ્રહ્મા જેને સ્વપ્ને દેખે નહીં, તે 'માગ રે માગ' વદત વાણી,
નરસૈંયાનો નાથ લક્ષ્મી સહિત આવિયો અણગણી ગોઠડી અનેક આણી. - ઉધડકી. ૪

# ભાળ તું ભાળ તું સંમુખે શામળા!

ભાળ તું ભાળ તું સંમુખે શામળા! ટાળ દુઃખ ટાળ દુઃખ આજ મારું,
નિગમ નેતિ રટે, આવડું નવ ઘટે, 'ભક્ત વત્સલ' પ્રભુ ! બિરૂદ તારૂં - ભાળ તું. ૧

અરજ સુણિ હરિ ! શું કહીએ ફરી ફરી, શ્રવણ ન્ સાંભલો નિદ્રા આવી ?
ધાઓ ધરણીધરા ! જાગજો જદુવરા ! દુષ્ટને હાથથી લ્યો મૂકાવી. - ભાળ તું. ૨

સત્યને પાળવા, અસત્યને ટાળવા પ્રગટોને પૂરણબ્રહ્મ પોતે,
અપજો ફૂલનો હાર કમળાપતિ ! સુંદરશ્યામ! સાંભરે જો તે. - ભાળ તું. ૩

સુખડા આપવા, દુઃખડા ટાળવા, 'અનાથના નાથ' તમે રે કહાવો,
નરસૈંયો બેઉ કર જોડીને વિનવે શામના ચરણનો લેવો લહવો - ભાળ તું. ૪

# પરભાતે મહી મથવા

પરભાતે મહી મથવા ઊઠ્યાં જશોદારાણી,
વિસામો દેવાને ઊઠ્યાં સારંગપાણિ.

માતા રે જશોદા તારાં મહીડાં વલોવું,
બીશો ના માતાજી હું ગોળી નહીં ફોડું;
ધ્રૂજ્યો મેરુને એને ધ્રાસકો રે લાગ્યો,
રવૈયો કરશે તો તો નિશ્ચે હું ભાંગ્યો.

વાસુકિ ભણે 'મારી શી પેર થાશે ?'
નેતરું કરશે તો તો જીવડો રે જાશે.
મહાદેવ વદે, મારી શી વલે થાશે ?
હવેનું આ હળાહળ કેમ રે પીવાશે.

બ્રહ્મા ઇંદ્રાદિક લાગ્યાં રે પાય,
નેતરું મૂકો તમે ગોકુળરાય;
જશોદાજી કહે હું તો નવનિધ પામી,
ભક્તવત્સલ મળ્યો નરસિંહનો સ્વામી.

નરસિંહ મહેતા

# રામસભામાં અમે રમવાને

રામ સભામાં અમે રમવાને ગ્યાં'તાં
પસલી ભરીને રસ પીધો રે, હરિનો રસ પુરણ પાયો.

પહેલો પિયાલો મારા સદગુરૂએ પાયો,
બીજે પિયાલે રંગની હેલી રે,
ત્રીજો પિયાલો મારાં રોમે-રોમે વ્યોપ્યો,
ચોથે પિયાલે થઈ છું ઘેલી રે …રામ સભામાં

રસ બસ એકરૂપ રસિયા સાથે,
વાત ન સુઝે બીજી વાટે રે,
મોટા જોગેશ્વર જેને સ્વપ્ને ન આવે
તે મારા મંદિરીયામાં મ્હાલે રે … રામ સભામાં

અખંડ હેવાતણ મારા સદગુરૂએ દીધાં
અખંડ સૌભાગી અમને કીધાં રે,
ભલે મળ્યા મહેતા નરસિંહના સ્વામી
દાસી પરમ સુખ પામી રે … રામ સભામાં

નરસિંહ મહેતા

# મરમ વચન કહ્યાં ભાભીએ

મરમ વચન ખ્યાં ભાભીએ હુંને તે, માહરા પ્રાણમાં રહ્યા વળુંધી,
શિવ આગળ જઈ. એકમનો થઈ, ધ્યાન કીધું દિવસ સાત સુધી. - મરમ. ૧

હરજીએ હેત ધરી, દીન જાણી કરી, પ્રગટ દર્શન દીધું શૂલચાણિ,
'તારી ભક્તિ ઉપર હું જ પ્રસન્ન થયો, માગ રે માગ' મુખ વદત વાણી. - મરમ. ૨

ગદ્ ગદ્ કંઠે હું બોલી શકું નહીં, મસ્તકે કર ધર્યો મુઘ જાણી,
અચેત ચેતન થયો, ભવ તણો અધ ગયો, સૂતી ઊઠી મારી આદ્ય વાણી. - મરમ. ૩

'તમને જે વલ્લભ હોય કાંઈ દુલ્લભ આપો, પ્રભુજી ! હું ને દયા રે આણી'
ગોપીનાથે હુંને અભેપદ આપિયું, નરસૈયો હરિજશ રહ્યો વખાણી. - મરમ. ૪

# રામ સભામાં અમે

રામ સભામાં અમે રમવાને ગ્યાં'તાં
પસલી ભરીને રસ પીધો, હરિનો રસ પુરણ પાયો.

પહેલો પિયાલો મારા સદગુરૂએ પાયો,
બીજે પિયાલે રંગની રેલી
ત્રીજો પિયાલો મારાં રોમે રામે વ્યોપ્યો
ચોથે પિયાલે પ્રભુજી જેવી ...રામ સભામાં

રસ બસ એકરૂપ થઇ રસિયા સાથે,
વાત ન સુઝે બીજી વાટે
મોટા જોગેશ્વર જેને સ્વપ્ને ન આવે
તે મારા મંદિરીયામાં મ્હાલે રે ... રામ સભામાં

અખંડ હેવાતણ મારા સદગુરૂએ દીધાં
અખંડ સૌભાગી અમને કીધાં રે
ભલે મળ્યા **મહેતા નરસૈંઇના** સ્વામી
દાસી પરમ સુખ પામી રે ... રામ સભામા

# જાગને જાદવા! રાત થોડી રહી

જાગને જાદવારાત થોડી રહી !, મંડળિક રાય મુને બીવરાવે,
અરુણ ઉદિયો અને હરણલી આથમી, તુંને તો યે કરુણા ન આવે૧ .જાગને - .

ભોગળ ભાંગિયે રાય દામોદરા! ઉઠો જદુનાથ દેવાધિદેવા !
મંડળિક મદભર્યો ઓચરે અઘટતું, જાણે નરસૈંયાની જૂઠી સેવા ૨ .જાગને -

ભક્તપાલક, દયાશીલ તું શામળા ! માહરે પ્રીત પૂરણ છે તારી,
નાગરાશું નવલ નેહડો દાખવો, અકલિત ચરિત તારા મુરારિ૩ .જાગને - .

માહરે 'નરહરિ' નામ રૂદે વસ્યું 'પતિતપાવન' તરૂં બિરૂદ કહાવો,
ગ્રાહથી ગજને મૂકાવિયો શ્રી હરિ ! દાસ નરસૈંયાને તેમ મૂકાવો૪ .જાગને -.

# શીખ કરી શંકરે

શીખ કરી શંકરે, હરખી કહ્યુ શ્રીવરે; 'ભૂતળે જઈ ગુણ મારા ગાજે, ભૂતળે જન જે રસિક છે હરિ તણા, તે હને એ રસ તું રે પાજે - શીખ. ૧

માસ એક રાખીને વિદય કર્યોદાસને, આવીને ભાભીને લાગ્યો પાયે, શ્રી હરિ-હર હુંને જે મળ્યાં સાંભળો; 'માત - મારી! તે તારી કૃપાએ -શીખ. ૨

નિત્ય કીર્તન કરે, તાળ કરમાં ધરે, દેશમાં દાસની વાત વાગી, ગામ ગામે થકી. હરિજન આવતાં, દર્શન કરવાએ લ્હાર લાગી. - શીખ. ૩

ભાઈ ભોજાઈ અકળાઈને એમ કહે; 'હવે તમો અમ થકીદૂર રહીએ', મહેતાજી પછે તહાં કહે નિજનારને; 'નગર જૂનાગઢ માંહે જઈએ.' - શીખ.૪

# અમે તો વહેવારિયા રામ નામના

સંતો અમે રે વહેવારિયા રામ નામના
વેપારી આવે છે બધાં ગામ ગામનાં

અમારું વસાણું સંતો સહુ કોને ભાવે
અઢારે વરણ જેને વહોરવાને આવે

અમારું વસાણું કાળ દુકાળે ન ખૂટે
જેને રાજા ન દંડે જેને ચોર ન લૂટે

લાખ વિનાના લેખાં નહિ ને પાર વિનાની પૂંજી
વહોરવું હોય તો વહોરી લેજો કસ્તુરી છે સોંઘી

રામનામ ધન અમારે વાજે ને ગાજે
છપ્પન ઉપર ભેર ભેગી ભુંગળ વાગે

આવરો ને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ
ચિઠ્ઠીમાં ચતુર્ભુજ લખિયા નરસૈંયાનું કામ

# જાગ્યું ત્યારે ઝાંઝરનો ઝમકાર

સખી તારાં નેપુર રે, સુંદર વાગતાં રે, વાગ્યાં વાગ્યાં માઝમ રાત;
નાનું સરખું નગર રે, સૂતેલું જાગિયું રે, જાગ્યું ત્યારે ઝાંઝરનો ઝમકાર. સખી૦

વાડીમાં રે પાક્યો રે, સુંદર આંબલો રે, તેની તે મીઠી મીઠી ઊતરે શાખ,
કામિની વેડાવે રે, આરોગવા રે, મારા હરિને કહું કે ચાખ. સખી૦

આંગણીયે રોપાવું રે, સુંદર એલચી રે, ઠામ ઠામ રોપાવું નાગરવેલ;
નરસૈંયાના સ્વામી રે, બાઈ મને ત્યાં મળ્યો રે, હરિ મારો શોભે ઉરની વેલ. સખી૦

# માલણ લાવે મોગરો રે

માલણ લાવે મોગરો રે, કાચી કળીનો હાર;
આવતાં ભીંજે ચૂંદડી,રણ મેઘ ન પડે ધાર.

રૂપલા કેરી ઊઢાલણી રે, સોના કેરી થાળ;
પીરસે પદ્મિની પાતળી રે, તમે આરોગો નંદલાલ.

ચંદ્ર વિના શી ચાંદની રે, દીવડા વિના શી રાત;
હરજી વિના શી ગોઠડી, મારે જવું શામળિયા સાથ.

પાંચસાત ગોપીઓ ટોળે મળી રે, ઊભી ચાંપલિયા હેઠ;
છેલ કાનુડો આવશે,પેલી પાતલડીને ઘેર.

આંબુડો વાવે મલગુગડો, જાંબુડો લહરે રે જાય;
ભલે મળ્યો મહેતા નરસૈંનો સ્વામી, મારી હદયા ટાઢી થાય

# ચાંદની રાત કેસરિયા તારા

ચાંદની રાત કેસરિયા તારા રે
પોઠી ભરી ચાલ્યા વણઝારા રે.

વણઝારે આડત કીધી રે,
કાયાનગરી ઈજારે લીધી રે.

દાણી દાણ ઘટે તે લેજો રે,
પોઠી અમારી જાવા દેજો રે.

જેવા વાડીના કુમળા મરવા રે,
તેવા પોઠી અમારે ભરવા રે.

ભલે મળિયા ભલે મળિયા રે,
તારા ગુણ નવ જાય કળિયા રે.

મહેતા નરસૈંયાના સ્વામી રે,
સર્વે ગોપી આનંદ પામી રે.

# વૈકુંઠ ઢૂંકડું રે

વૈકુંઠ ઢૂંકડું રે મારા હરિજન હૃદે હજૂર. ટેક
દુરિજનિયાને દૂર દીસે છે, પ્રેમીજનને ઉર. વૈકુંઠ૦

કામ, ક્રોધ, મદ, લોભ, નિવારી, કાઢે પાપનું મૂળ,
પુણ્યપંથે પગ ધરે, દૂર કરી માયા મમતા શૂળ. વૈકુંઠ૦

રટે જિહ્વાએ નામ રામનું, ભૂખ્યાને દે અન્ન,
પરનારી માતા પેખે, પથ્થર લેખે પરધન. વૈકુંઠ

પીડે નહિ કદી પર આત્માને, મારે નિજનું મન,
ભણે નરસૈંયો પ્રિય કરી માને હરિ એવા હરિજન. વૈકુંઠ૦

# ગોવિંદ ખેલે હોળી

વૃંદાવન જઈએ,
જીહાં ગોવિંદ ખેલે હોળી;
નટવર વેશ ધર્યો નંદ નંદન,
મળી મહાવન ટોળીચાલો સખી ... !

એક નાચે એક ચંગ વજાડે,
છાંટે કેસર ઘોળી;
એક અબીરગુલાલ ઉડાડે,
એક ગાય ભાંભર ભોળીચાલો સખી ... !

એક એકને કરે છમકલાં,
હસી હસી કર લે તાળી;
માહોમાહે કરે મરકલાં,
મધ્ય ખેલે વનમાળીચાલો સખી ... !

વસંત ઋતુ વૃંદાવન સરી,
ફૂલ્યો ફાગણ માસ;
ગોવિંદગોપી રમે રંગભર,
જુએ નરસૈંયો દાસચાલો સખી ... !

# આજ વૃંદાવન આનંદસાગર

આજ વૃંદાવન આનંદસાગર, શામળિયો રંગે રાસ રમે;
નટવર-વેશે વેણ વજાડે, ગોપી મન ગોપાળ ગમે.

એક એક ગોપી સાથે માધવ, કર ગ્રહી મંડળ માંહે ભમે;
તા થૈ તા થૈ તાન મિલાવે, રાગ-રાગણી માંહે ઘૂમે.

સોળ કલાનો શશિયર શિર પર,ઉડુગણ સહિત બ્રહ્માંડ ભમે;
ધીર સમીરે જમુના તીરે, તનના તાપ ત્રિવિધ શમે.

હરખ્યા સુરનર દેવ મુનિજન, પુષ્પવૃષ્ટિ કરે, ચરણ નમે;
ભણે નરસૈંયો ધન્ય વ્રજનારી, એને કાજે જે દેહ દમે.

# અરુણોદય

ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે;
ઊગે છે ઉષાનું રાજ્ય ધીમે ધીમે;
ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે...

રજનીની ચૂંદડીના
છેડાના હીરલા શા,

ડૂબે છે તારલા આજ ધીમે ધીમે;
ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે...

પરમ પ્રકાશ ખીલે,
અરુણનાં અંગ ઝીલે;

જાગે પ્રભુ વિશ્વમાં આજ ધીમે ધીમે;
જાગે પ્રભુ જીવમાં આજ ધીમે ધીમે;
ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે....

આ કાવ્ય રચના કવિ ન્હાનાલાલ રચિત કાવ્ય નાટક જયાજયન્ત- માં વપરાયું છે.

ન્હાનાલાલ

# કોડિયું

અસ્ત જાતા રવિ પૂછતા અવનિને :
'સારશો કોણ કર્તવ્ય મારાં ?'
સાંભળી પ્રશ્ન એ સ્તબ્ધ ઊભાં સહુ,
મોં પડ્યાં સર્વનાં સાવ કાળાં.

તે સમે કોડિયું એક માટી તણું
ભીડને કોક ખૂણેથી બોલ્યું :
'મામૂલી જેટલી મારી ત્રેવડ, પ્રભુ !
એટલું સોંપજો, તો કરીશ હું'

(રવિન્દ્રનાથ ઠાકુરની કૃતિ 'કર્તવ્યગ્રહણ' પરથી)

(ઝવેરચંદ મેઘાણી)

# નાચતાં નાચતાં નયન નયણાં

નાચતાં નાચતાં નયન-નયણાં મળ્યાં,
મદભર્યા નાથને બાથ ભરતાં,
ઝમકતે ઝાંઝરે તાળી દે તારુણી
કામિની કૃષ્ણ-શું કેલિ કરતાં.

પ્રેમદા પ્રેમશું અધર ચુંબન કરે,
પિયુ-સંગ પરવરી સબળ બાળા,
તાલ-મૃંદગ મધ્ય ઘમઘમે ઘૂઘરી,
શ્યામ-શ્યામા કરે ચપળ ચાળા.

ઉર-શું ઉર ધરે, નાથ રંગે રમે,
જેહને જ્યમ ગમે ત્યમ રમતાં,
ભણે નરસૈંયો રંગરેલ-ઝકોળ ત્યાં,
રણ ઠર્યો સપ્ત સ્વર ગાન કરતાં.

# ગામ તળાજામાં

ગામ તળાજામાં જન્મ મારો થયો, ભાભીએ 'મૂર્ખ' કહી મહેણું દીધું,
વચન વાગ્યું, એક અપૂજ શિવલિંગનું વન માંહે જઈ પૂજન કીધું. - ગામ. ૧

સાત ઉપવાસ ચિત્ત દૃઢ કરીને કર્યાં, દર્શન આપી વદિયા વચંન,
'માગ ને અમગ મન હોય જે તાહરે, ભક્તિ તવ જોઈ હું થયો પ્રસન્ન - ગામ. ૨

'માગુ શું નવલ હું ? તમને જે વલ્લભ દીજિયે મુજને તે જાણી દાસ'
અદ્ભુત લીલા અખંડ શ્રીકૃષ્ણની નરસિંને જઈ દેખાડ્યો રાસ - ગામ. ૩

# પાછલી રાતના નાથ પાછા વળ્યા

પાછલી રાતના નાથ પાછા વળ્યા, શું કરું રે સખી ? હું ન જાગી;
નીરખતાં નીરખતાં નિદ્રા આવી ગઈ, વહાલોજી દઈ ગયા વાચ, રાખી.

કૃષ્ણજી ક્યાં હશે ? શોક્ય સુણશે હવે ? પરથમ જઈ એને પાય લાગું;
સરસ છે શામળો, મેલશે આમળો, જઈ રે વ્હાલા કને માન માંગું.

‘ઊઠ આળસ તજી, નાથ નથી ગયા હજી, દ્વાર ઊભા હરિ હેત જોવા;’
ધન્ય રે ધન્ય નરસૈંયાના નાથ ને, અ-સૂર થાશે મારે ધેન દોહવા.

# રુમઝુમ રુમઝુમ નેપૂર વાજે

રુમઝુમ રુમઝુમ નેપૂર વાજે,
તાળી ને વળી તાલ રે;
નાચંતા શામળિયો-શ્યામા,
વાધ્યો રંગ રસાળ રે ... રુમઝુમ રુમઝુમ

ઝાલ ઝબૂકે રાખલડી રે,
મોર-મુગટ શિર સોહે રે;
થેઈ થેઈ થેઈ તહાં કરતી કામા,
મરકલડે મન મોહે રે ... રુમઝુમ રુમઝુમ

કોટિકલા તહાં પ્રગટ્યો શશિયર,
જાણે દિનકર ઉદિયો રે;
ભણે નરસૈંયો મહારસ ઝીલે,
માનિની ને મહાબળિયો રે ... રુમઝુમ રુમઝુમ

# ઓ પેલો ચાંદલિયો

ઓ પેલો ચંદલિયો મા ! મને રમવાને આલો;
તારા ને નક્ષત્ર લાવી મારા ગજવામાં ઘાલો૧ .ઓ પેલો - .

રૂએ ને રાગડો થાયે, ચાંદા સામું જુએ;
માતા રે જશોદાજી હરિના આંસૂડા લૂવેર .ઓ પેલો - .

ચાંદલિયો આકાશે વસે, ઘેલા રે કહાન;
સહુ કોને ઘેર બાળક છે, પણ તુને નહી સાન૩ .ઓ પેલો - .

વાડકામાં પાણી ઘાલી, ચાંદલિયો દાખ્યો;
નરસિયાનો સ્વામી શામળિયો રડતો રે રાખ્યો. - ઓ પેલો૪ .

# જશોદાજીને આંગણિયે

જશોદાજીને આંગણિયે કાંઈ સુંદર શોભા દીસે રે,
મુક્તા ફળના તોરણ લહેકે, જોઈ જોઈ મનડું હીસે રે. - જશોદાજીને. ૧

મહાલામાલ માનિની હીંડે ઉલટ અંગ ન માય રે;
કુમકુમ કેસર ચચર્યા અંગે, ઘેર ઘેર ઓચ્છવ થાય રે. - જશોદાજીને. ૨

ધન્ય ધન્ય લીલા નંદ ભવનની જ્યાંહા પ્રગટ્યાં પરમાનન્દરે,
રંગરેલ નરસૈયો ગાવે, મન વાધ્યો આનંદ રે. - જશોદાજીને. ૩

# આ જોને આહીરને આંગણે

આ જોને આહીરને આંગણે, નરહરિ નાચે નિત્યે રે;
બ્રહ્માદિકને સ્વપ્ને ન આવે તે હરિ આવે પ્રીત્યે રે૧ .ઓ જોને - .

નાચતો હરિ સુંદર દીસે ઘૂઘરડી વાજે ચરણ રે;
ભરૂઆડાનાં ભાગ્ય જ મોટા, શું કીજે ઉત્તમ વરણ રે? - ઓ જોનેર .

ભક્ત તણા હિત જાણી ભૂધાર અવનિતલ અવધાર ધરે;
ધન્ય ધન્ય ગોપી કૃષ્ણ હૂલરાવે, નરસૈંનો સ્વામી પાપ હરે૩ .ઓ જોને - .

# તમારો ભરોસો મને ભારી

તમારો ભરોસો મને ભારી,
સીતાના સ્વામી, તમારો ભરોસો મને ભારી.

રંક ઉપર વ્હાલો ચમ્મર ઢોળાવે,
ભૂપને કીધા ભીખારી, સીતાના સ્વામી ... તમારો ભરોસો.

નખ વધારી હિરણ્યકશ્યપ માર્યો,
પ્રહ્લાદ લીધો ઉગારી, સીતાના સ્વામી ... તમારો ભરોસો.

ભલે મળ્યો મહેતા નરસૈંયાનો સ્વામી,
નામ ઉપર જાઉં વારી, સીતાના સ્વામી ... તમારો ભરોસો.

# ચાંદની રાત કેસરિયા તારા રે

ચાંદની રાત કેસરિયા તારા રે, પોઠી ભરી ચાલ્યા વણઝારા રે.
વણઝારે આડત કીધી રે, કાયાનગરી ઈજારે લીધી રે.

દાણી દાણ ઘટે તે લેજો રે, પોઠી અમારી જાવા દેજો રે.
જેવા વાડીના કુમળા મરવા રે, તેવા પોઠી અમારે ભરવા રે.

ભલે મળિયા ભલે મળિયા રે, તારા ગુણ નવ જાય કળિયા રે.
મહેતા નરસૈંયાના સ્વામી રે, સર્વે ગોપી આનંદ પામી રે.

# ગોવાળમાં ગમતો ગોવિંદ

ગોવાળમાં ગમતો ગોવિંદ, રમતો રમત રૂડી રે.
શંખ શીંગલું મહાધુનિ વાધી, માંડતો મોહના મીટડી રે. - ૧
સુંદરવર શોભંતો દીસે, પીતામ્બર પાલવટડી રે;
નેપૂર કંકણ રમઝમા વાજે, પાઓલિએ ઘૂઘરડી રે. - ૨
શામળો સર્વે ધેન બોલાવે, ગૌરજ મુખડે લાગી રે;
ભણે નરસૈયો : ભામણા લીજે આરત માએલી ભાગી રે. - ૩

# કર નખ રાતા

કર નખ રાતા કામિનીના રે રાતા અધર સુદંત -;
રાતો અબીલ ગુલાલ ઉડાડે, રાતો નવલ વસંત ૧ .કર -

રાતી ચોળી કસણ કસી રે, રાતી કુસુમ રોળ;
રાતે સિંદૂર માંગ ભરી રે, મુખ રાતાં તંબોળ ૨ .કર -

કૃષ્ણજી રાતા કામિનીએ, કામિની રાતી કૃષ્ણગુણે,
સરખે સરખા બેહુએ રાતા, નરસૈયો રાતે હરિચરણે. - કર૩ .